## ‘સન્નારી’ માટે મુખપૃષ્ઠ તસ્વીર, પ્રતિભાવ, સૂચનો વગેરે ઇ મેઇલ પર પણ મોકલી શકો છો

વાચકો, આપ તમારા પ્રતિભાવો, ‘સન્નારી’ અંગેનાં કોઇ સૂચનો, ‘સન્નારી’ને અનુરૂપ કોઇ પણ લખાણ અને મુખપૃષ્ઠ તસવીર નીચે આપેલા ઇમેઇલ એડ્રેસ પર પણ મોકલી શકો છો. આ ઉપરાંત તમે મોકલતા આવ્યા છો એમ પત્ર દ્વારા તો કંઇ પણ મોકલી જ શકો છો. તમારી સરળતા માટે આ વધારાની સુવિધા કરવામાં આવી છે.

- વાચકોને ખાસ વિનંતી કે પોતાનું લખાણ ટૂંકાણમાં જ મોકલે. ઘણા વાચકોનું લખાણ લાંબુ હોવાથી પૂરતો ન્યાય આપી શકાતો નથી.
- તમારી તસવીર ઊભી ફ્રેમમાં, બેકગ્રાઉન્ડ પ્લેઇન અને અવનવી અદામાં હોવી જરૂરી છે. આથી એકલાં નાના બાળકોના ફોટા મોકલશો નહીં.
- તમારી તસવીરની ઇમેજ સાઇઝ ૮’’ x ૧૨’’ હાઇ રેઝોલ્યુશન 300 DPIમાં મોકલશો જેથી એન્લાર્જ કરતી વખતે મુશ્કેલી ન પડે અને ફાઇલ સાઇઝ 10MB થી વધુ હોવી જોઇએ નહીં.
- તમારા ફોટોગ્રાફ અને લખાણ સાથે તમારું નામ, સરનામું, કોન્ટેક્ટ નંબર લખવાનું ભૂલશો નહિ.

-સંપાદક

Email: sannari@gujaratmitra.in

## સપ્તાહની તસવીર



શરદપૂનમ નિમિત્તે ‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થયેલી તસવીર **ડો. રૂપલ શાહ** (ગાયનેકોલોજીસ્ટ), **ડો. ઉન્નતિ મહેતા** (જનરલ ફિઝિશ્યન), **ડો.વૈશાલી ટેલર** ( પેથોલોજીસ્ટ) અને **ડો. નિમિષા પટેલ** (ફેમિલી ફિઝિશ્યન)ની છે. આ બધાં જ પ્રેક્ટિસિંગ ડોક્ટર હોવા છતાં જિંદગીની મજા પણ માણે છે. આ એક એવું ફ્રેન્ડ ગ્રુપ છે જે બહારગામ ફરવા અને નવરાત્રિ જેવા તહેવારોમાં શોપિંગ કરવા પણ સાથે જ જાય છે. એમની ફિલોસોફી છે Doctors need not be boring.

# પ્રિય સન્નારી



# વર્કિંગ વુમને ઘરખર્ચમાં ફાળો આપવો જોઈએ?

કેમ છો? મજામાં ને?

નવરાત્રીનો થાક તો હજી ઊતર્યો નથી ત્યાં તો હવે ચંદની પડવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ હશે. બરાબર ને? આપણે સુરતવાસીઓને દશેરા પર ફાફડા અને જલેબી, ચંદની પડવા પર ઘારી અને ભૂસું તેમ જ દિવાળી પર જાત જાતની મીઠાઈઓ મળી જાય પછી તો પૂછવું જ શું? તો પછી સુરતનો પોતીકો તહેવાર ચંદની પડવાની જગવિખ્યાત ઘારીની મજા લેવા માટે તૈયાર છો ને?

મિત્રો, હાલમાં રાજસ્થાનમાં હાઈકોર્ટે એક સ્પેશયલ કેસ તરીકે ચુકાદો આપ્યો છે કે કામ કરતી પુત્રવધૂએ તેની સેલરીનો ૨૫ % હિસ્સો તેની સાસુને ભરણપોષણ તરીકે આપવો. પ્રથમ દ્રષ્ટિએ કદાચ આ ચુકાદો સાંભળીને ઘણાંને નવાઈ લાગી હશે, કેટલાકને સવાલો પણ થયા હશે તો કેટલાક વિરોધ પણ કરતા હશે. જો કે આ કેસની વિગત પ્રમાણે પતિના અવસાન બાદ પુત્રવધૂને દયાના આધાર પર તેના પતિની નોકરી મળી હતી કારણ કે તેના પતિના અવસાન બાદ પરિવારના ભરણપોષણ માટે તે એકમાત્ર સહારો હતી. તેમ છતાં, નોકરી મળ્યા બાદ તેણે પુનર્વિવાહ કર્યા અને વૃદ્ધ સાસુને છોડી દીધાં. આ મુદ્દા પર કોર્ટમાં કેસ ચાલ્યો અને કોર્ટે સાસુને પુત્રવધૂને મળતાં પગારનો ૨૫ % હિસ્સો સાસુના અકાઉન્ટમાં દર મહિને જમા કરવાનો ઓર્ડર કરીને તેના પક્ષમાં નિર્ણય સંભળાવ્યો. આ તો હતો એક સ્પેશયલ કેસ તરીકેનો નિર્ણય કે જેમાં નોકરી મેળવવાનો મુખ્ય આધાર જ પરિવારનો એકમાત્ર સહારો હોવાનો હતો. માટે તે પુત્રવધૂએ ૨૫ % પગાર સાસુને ભરણપોષણ માટે પુનર્વિવાહ પછી પણ આપવા એ માણસાઈની દ્રષ્ટિએ તો યોગ્ય જ છે. અહીં એ પણ સ્પષ્ટતા કરવી છે કે આ કેસનો નિર્ણય ફક્ત તે કેસ પૂરતો જ રાખવામાં આવ્યો છે. તે બધાંને લાગુ પડતો નથી પણ કેસ સાંભળીને આપણને એક સવાલ થાય કે આજે જયારે સ્ત્રીપુરુષ સમાનતાની વાત થાય છે ત્યારે પુત્રવધૂએ પણ શું પોતાના સાસરામાં ઘરખર્ચમાં પોતાનો હિસ્સો ન આપવો જોઈએ? જો કે આ મુદ્દાનાં ઘણાં પાસાં છે જેની આપણે આજે વિગતે ચર્ચા કરીશું.

આજે મોટા ભાગનાં ઘરોમાં સ્ત્રી પણ બહાર કામ માટે જતી હોય છે. ઘરમાં સ્ત્રી અને પુરુષ બન્ને કામ કરીને સાથે મળીને ઘર ચલાવતાં હોય તો તે આદર્શ પરિસ્થિતિ છે. તેમાં ઘરખર્ચ બન્નેના હિસ્સે વહેંચાય જાય છે અને ખર્ચનું ભારણ કોઈ એકના માથે રહેતું નથી. ઘણાં ન્યુક્લીઅર ફેમિલીઝમાં આ પ્રકારની વ્યવસ્થા હોય છે. તો વળી, જોઈન્ટ ફેમિલીમાં પણ પુત્રવધૂ બહાર કામ માટે જતી હોય છે ત્યારે પુત્રવધૂએ ઘરખર્ચમાં પોતાનો હિસ્સો આપવો જોઈએ? એક રીતે વિચારીએ તો જયારે સ્ત્રી બહાર કામ માટે ગઈ હોય ત્યારે ઘરમાં સાસુ કે અન્ય સભ્યો જેવાં કે દેરાણી-જેઠાણી પણ જો સાથે રહેતાં હોય તો તેઓ ઘરનાં કામ સંભાળી લે છે. તેનાં બાળકોનું ધ્યાન રાખે છે. ત્યારે પુત્રવધૂ જે બહાર કામ કરવા જતી હોય તેણે પણ ઘરખર્ચમાં પોતાનો હિસ્સો આપવો જ જોઈએ. એક વાત અહીં ભૂલવી ન જોઈએ કે સંયુક્ત કુટુંબમાં રહીને જયારે એક વર્કિંગ વુમન સરળતાથી પોતાની કારકિર્દી આગળ લઈ જઈ શકતી હોય તો તેમાં ઘણો મોટો ફાળો તેના પરિવારનો હોય છે, તેમણે આપેલાં નાનાંમોટાં બલિદાનનો હોય છે. પરિવારના સપોર્ટ વિના ઘર અને ઓફિસ એમ બંને જવાબદારી નિભાવવી સરળ નથી. પેલી કહેવત છે તેમ,’એક સફળ પુરુષની પાછળ એક સ્ત્રીનો હાથ હોય છે’ તેવી જ રીતે ‘એક સફળ સ્ત્રીની પાછળ સમગ્ર પરિવારનો હાથ હોય છે.’ તો પછી તે સ્ત્રીએ પણ પોતાની સફળતાનું થોડું શ્રેય, પોતાના પગારનો થોડો હિસ્સો પરિવાર પાછળ ખર્ચ કરવામાં પીછેહઠ ન કરવી જોઈએ. સંયુક્ત કુટુંબમાં ઘરખર્ચ જયારે માતાપિતા કાઢતાં હોય તો પતિપત્ની બન્નેએ મળીને પોતાનો તેમાં ફાળો આપવો જોઈએ. જો ઘરખર્ચ ન આપવાનો હોય અને માતાપિતા ખમતીધર હોય તો ઘરમાં જરૂરિયાતની ચીજવસ્તુઓ કે ભેટસોગાતો પરિવારના સભ્યો માટે અવારનવાર લાવીને આપવાથી પરસ્પર પ્રેમ અને આદર વધે છે. ઉપરાંત પતિપત્ની પણ પોતાની જવાબદારી પ્રત્યે વધારે સભાન બને છે. ઘરના સભ્યોમાં જે બહાર જઈને કામ ન કરતા હોય તેમને પણ પોતાના ઘરમાં કામ કરવાનું શ્રેય મળે છે, તેમને પણ પોતે ઘરમાં મહત્ત્વના સભ્ય છે એવી લાગણી જન્મે છે.



આ વાત તો થઈ એવા સંયુક્ત પરિવારની કે જેમાં પતિ અને પત્ની બન્ને બહાર કામ માટે જતાં હોય અને તેમનાં માતાપિતા ઘરખર્ચ કાઢતાં હોય પરંતુ કેટલાંક ઘરોમાં ફક્ત પુરુષના શિરે જ બધી જવાબદારી હોય છે. પત્ની ભલે વર્કિંગ વુમન હોય પણ ઘરખર્ચમાં પોતાનો ફાળો આપવામાં ખંચકાટ અનુભવે છે કારણ કે તેને લાગે છે કે મારો પતિ જ જો ઘરખર્ચ આપે છે તો પછી મારે આપવાની શું જરૂર છે? આવી દલીલ કરનારાઓએ સ્ત્રી-પુરુષ સમાનતાની વાત પછી ન કરવી જોઈએ. જીવનની ગાડી જો બે વ્યક્તિ મળીને ખેંચે તો તે કાર્ય સરળ બની શકે છે. કોઈ એકના માથે બધી જ આર્થિક જવાબદારી નાખવાને બદલે ભાર વહેંચી લેવામાં સમજદારી છે. આજે જયારે જીવન અનિશ્ચિતતાથી ભરેલું છે ત્યારે પતિને પણ જયારે તેની પત્ની આર્થિક જવાબદારીમાં પોતાનો ફાળો આપે છે ત્યારે તેને માનસિક શાંતિ રહે છે. ક્યારેક દેવું થઈ જાય કે નોકરી જતી રહે કે ઘરમાં આર્થિક કટોકટી આવી જાય ત્યારે પત્નીનો આર્થિક સહારો ઘરને આ વિપત્તિમાંથી બહાર કાઢવામાં મદદરૂપ થઈ શકે છે.

મિત્રો, સ્ત્રીઓ માટે વર્કિંગ વુમન તરીકે સફળતા મેળવવી એ તેમના આત્મસન્માન સાથે જોડાયેલી બાબત છે અને તે બહાર કામ કરે તેમાં કશું ખોટું પણ નથી પરંતુ કોઈ પણ મોટી ઈમારતને અડીખમ રાખનાર પાયો આપણને ભાગ્યે જ દેખાય છે. એ પાયો આપણો પરિવાર હોય છે. તેની સાથે આપણે જેટલાં જોડાયેલાં રહીશું આપણી સફળતાની ઈમારત પણ તેટલી જ મજબૂત અને અડીખમ રહી શકશે. બરાબર ને? આ વિષે તમને શું લાગે છે? જરૂરથી જણાવજો.

આવજો, ફરી મળીશું આવતા સપ્તાહે...

- સંપાદક